ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૧૦૦ ટકા

# શહેરના માર્ગો પર રખડતા પશુઓનું રાજ



## માર્ગ પર રખડતા ઢોરને પગલે ટ્રાફિક જામના દૃશ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના ચકાચક માર્ગો હાલના સમયે રખડતા પશુઓનો અડ્ડો બની ગયા છે. રખડતા ઢોર વાહનોના હોર્નથી પણ સહેજ દુર ખસતા નથી. ત્યારે માર્ગ પર રખડતા ઢોરને પગલે ટ્રાફિક જામના દૃશ્યો સર્જાય છે તો બીજી તરફ ઢોર અચાનક માર્ગ વચાળે અચાનક આવી જતા અકસ્માત પણ સર્જાયા છે. ત્યારે ચોમાસાની સિઝનમાં પૈંડા પરની જીંદગી ઝોખમાઈ રહી છે. ત્યારે શહેરમાં રખડતા ઢોર પર અંકુશ આવે તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે.

ચોમાસાની સિઝન શરુ થતા જ શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરીક માર્ગો પર રખડતા ઢોર અડીંગો જમાવી દે છે. અડીંગો જમાવીને બેઠેલા ઢોર હટવાનું નામ લેતા નથી. જેથી વાહનચાલકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે ગમે ત્યારે ગમે તે સમયે માર્ગ વચાળે આવી જતા ઢોરને પગલે નાના મોટા અકસ્માત પણ સર્જાયા છે. જેમાં કેટલાક વાહનચાલકોને ભારે નુકશાની સાથે શરીરે ગંભીર ઈજાઓ પણ પહોંચી છે.ત્યારે શહેરના માર્ગો પર બે પૈંડા પરની જીંદગી ઝોખમાઈ છે. ચોમાસાની સિઝનમાં ચારેકોર વરસાદી પાણીના ભરાવાને પગલે કાદવ-કિચડ નજરે પડે છે. ગંદકીને પગલે માખી તેમજ મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. ત્યારે માર્ગ પર રખડતા પશુઓ અસહ્ય ગંદકી સાથે અડીગો જમાવતા નાગરીકો પણ મુશ્કેલીમાં મુકાઈ જાય છે. શહેરના સર્કલો તેમજ સેન્ટ્રલવર્જ વિસ્તારમાં બેસી રહેતા રખડતા પશુઓ ગમે ત્યારે માર્ગની વચ્ચે આવી જતા અકસ્માત સર્જાય છે. તંત્ર દ્વારા ઢોર પકડની કામગીરી ચાલી રહી છે. પરંતુ ઢોર પકડ પાર્ટી જાય તે પહેલા ઢોર ગાયબ થઈ જાય છે. ત્યારે શહેરના મુખ્યત્વે પડતર પ્રશ્નોમાં દબાણ, ગંદકીની સાથે રખડતા ઢોરનો પ્રશ્ન પણ તંત્રને માથાના દુખાવો બની જવા પામ્યો છે. ત્યારે ચોમાસાની સિઝનમાં રખડતા ઢોરને તંત્ર દ્વારા પકડીને પાંજરે પુરવામાં આવે તેમ નગરજનો ઈચ્છી રહ્યા છે. જયારે માર્ગ અડીંગો જમાવીને બેસતા રખડતા ઢોર રોજ બરોજ ભયજનક બની રહ્યા છે.

## @ગાંધીનગર

● સંસ્કાર ગ્રુપ દ્વારા વાર્તા, કવિતા, ગીત સહિતની પ્રવૃત્તિ સાંજે ૬.૧૫ થી ૭.૩૦ કલાક દરમિયાન યોજાશે.

● મહારાષ્ટ્ર સમાજ ભવન ગાંધીનગરની ૩૮મી વાર્ષિક સાધારણ સભા સવારે ૯.૩૦ કલાકે યોજાશે.

## કલાસમેટ એકેડમી ખાતે મોટીવેશન સેમીનાર યોજાયો



ગાંધીનગર શહેરના ઘ દોઢ પાસે આવેલી કલાસમેટ એકેડમીમાં તાજેતરમાં એક મોટીવેશનલ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વિવિધ સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા ઉમેદવારો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જાણીતા મોટીવેશનલ નીરવ કાપડીયા હાજર રહીને ઉમેદવારોને ટાઈમ મેનેજમેન્ટ અંગે માહિતી પુરી પાડી હતી.વિદ્યાર્થીઓને તેઓએ જણાવ્યું હતું કે વર્તમાન સમય સપર્ધાત્મક યુગનો છે. જો ઝડપથી નહીં ચાલીયે તો પાછળ રહી જઈશું. વિદ્યાર્થીઓએ પોતાના લક્ષથી ભટકવું ના જોઈએ તેમણે વિદ્યાર્થીઓને વિવિધ ઉદાહરણ આપી વાત સમજાવી હતી. જયારે કલાસમેટ એકેડમીના સંચાલક હિતેશભાઈએ વાંચન પર વિશેષ ભાર મુકવા જણાવ્યું હતું.

## ગાંધીનગર સિવિલમાં ૫૦૦ રોપાઓનું વાવેતર કરાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ગ્રીન સીટી કલીન સીટી તરીકે ઓળખાતું હતું. કર્મચારી નગરી હોવા છતા શહેરની હરીયાળી જોઈ સૌ કોઈ ખુશ થઈ જતા હતા. ગાંધીનગરની ઓળખ સમગ્ર વિશ્વમાં હરીયાળા નગરની હતી. પરંતુ શહેરે રોકેટ ગતિએ વિકાસ કરતા સમયાંતરે માર્ગ પરથી વૃક્ષો દુર થવા લાગ્યા અને ગ્રીન સીટી ઓળખ પણ ભુસાઈ ગઈ. અમદાવાદ-ગાંધીનગર માર્ગ પર હજ્જારો વૃક્ષોનું નિકંદન નીકળી ગયું અને સિમેન્ટ-ક્રોંકિટની ઈમારતો ઉભી થઈ ગઈ. પરિણામે શહેરમાં પર્યાવરણની સ્થિતિ કથળતી ગઈ. રાજયનું સૌથી વધુ તાપમાન પાટનગરમાં નોંધાવા માંડ્યું. ત્યારે પર્યાવરણ પ્રત્યે નાગરીકોમાં જાગૃતિ આવી અને વૃક્ષોનું વાવેતર કરવાનું શરુ કર્યું. શહેરની સામાજીક, સ્વૈચ્છીક સંસ્થાઓ તેમજ સરકારી ઈમારતોમાં પણ પડતર જમીનમાં વિવિધ ઉપયોગી રોપાઓનું વાવેતર કરવામાં આવે છે.ત્યારે ગાંધીનગર સિવિલ કેમ્પસમાં પણ ખુબ વિશાળ જગ્યા આવેલી છે જ્યાં વિવિધ રોપાઓનું વાવેતર થઈ શકે છે. જેને પગલે સિવિલ કેમ્પસમા ૫૦૦ થી વધુ વૃક્ષો વાવવામાં આવશે અને તેની જાળવણી પણ કરવામાં આવશે. જેમાં તાત્કાલીક વિભાગની સામેની બાજુએ, પાર્કીંગમાં, ઓડીટોરીયમની બાજુમાં, પીએમ વિભાગની સામેની બાજુએ, તબીબી અધિક્ષકની ઓફિસની સામે, તેમજ મેડીકલ કોલેજની બાજુમાં આવેલી તમામ પડતર જગ્યા પર આંબો, લિમડો, જાંબુ, આસોપાલવ, સરગવો, વડ, પીંપળ, કણજી સહિતના રોપાઓનું વાવેતર કરવામાં આવશે.જયારે તમામ રોપાઓ માટે સિવિલની સિક્યુરીટી અને ખાનગી એજન્સી દ્વારા ખાડા તૈયાર કરીને આગામી સમયમાં આ વિવિધ રોપાઓનું વાવેતર કરવામાં આવશે.

## અન્નપૂર્ણા ધામ અડાલજના ચેરમેનપદે રવજીભાઈ વસાણી



ગાંધીનગર, તા.૨૧

શ્રી અન્નપૂર્ણા ધામ અડાલજ ટ્રસ્ટી મંડળની બેઠક શ્રી નરહરિભાઈ અમીનના કાર્યાલયમાં મળી હતી. જેમાં ટ્રસ્ટના ચેરમેન તરીકે શ્રી રવજીભાઈ વસાણી, પ્રમુખ તરીકે શ્રી નરહરિભાઈ અમીન અને મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બીપીનભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી હતી. આગામી સમયમાં માં અન્નપૂર્ણાનું મંદિર ખુબ જ ટૂંકા ગાળામાં તૈયાર કરવાની સૌ ટ્રસ્ટીઓએ સાથે મળી તૈયારી બતાવી છે અને સમાજની દીકરીઓ માટે કન્યા છાત્રાલયનું નિર્માણ અને લેઉવા પાટીદાર સમાજના ઈતિહાસની પ્રતિકૃતિઓ અને વિશ્વનું પ્રથમ પંચતત્વ મંદિરનું નિર્માણ તથા આખા વિશ્વમાં કોઈ પણ સ્થળે રહેતા લેઉવા પાટીદાર સમાજની સંપૂર્ણ માહિતી અહીંથી મળી રહે તેવી અદભુત વ્યવસ્થા કરવામાં આવશે. આઈએએસ-આઈપીએસ ટ્રેનીંગ સેન્ટર પણ અહી ખોલવામાં આવશે અને શૈક્ષણિક કાર્યને પ્રાધાન્ય આપવામાં આવશે.

## ઉવારસદ ગામમાં રાત્રે બકરા ચોરતી ગેંગ ત્રાટકી : ૭ બકરાઓની ઉઠાંતરી

ગાંધીનગર, તા. ૨૧

અડાલજ નજીક આવેલા ઉવારસદ ગામમાં ગઈ રાત્રે સફેદ ગાડી લઈને બકરાઓ ચોરતી ગેંગ ત્રાટકી હતી અને એક પશુપાલકના વાડામાં ખીલ્લે બાંધેલા ૨૧ બકરાઓ પૈકી સાત બકરાઓની ઉઠાંતરી કરી આ ગેંગ ફરાર થઈ ગઈ હતી. આ મામલે ઉવારસદ ગામના પશુપાલકે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બકરીઓની ચોરી મામલે ગુનો દાખલ કરી ચોરો સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈકાલે રાત્રિના અરસામાં સફેદ રંગની ગાડી લઈને પશુ ચોરો ઉવારસદ ગામમાં ત્રાટકયા હતા અને એક પશુપાલકના વાડાને ટાર્ગેટ કર્યો હતો. ઉવારસદ ગામના પગી વાસમાં રહેતા અરવિંદભાઈ ગોકાભાઈ દંતાણી ના વાડામાંથી પશુ ચોરો બકરીઓ ચોરીને જતા રહ્યા હતા. અરવિંદભાઈ દંતાણીના વાડામાં ૨૧ બકરીઓ બાંધેલી હતી. આ વાડામાં ઘૂસીને ચોરો બકરીઓની ગળે બાંધેલી દોરી કાપીને તે પૈકીની સાત બકરી ઉઠાવી ગાડીમાં ભરી દીધી હતી અને સાથે બકરીઓની ઉઠાંતરી કરીને ગાડી લઈને ચોરો ફરાર થઈ ગયા હતા. આ મામલે અરવિંદભાઈને જાણ થતા તેમણે અડાલજ પોલીસ મથકમાં ચોરો સામે ફરિયાદ આપતા પી એસ આઈ એસ એસ બુલાને ચોરીનો ગુનો દાખલ કરીને પશુ ચોરો સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

## બેંક ઓફ બરોડાએ વિવિધ કાર્યક્રમો થકી ૧૧૧મો સ્થાપના દિન ઉજવ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરમાં બેંક ઓફ બરોડાની રિજીયન ઓફિસ દ્વારા બેંકના ૧૧૧મા સ્થાપના દિન નિમિત્તે સપ્તાહ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત તા. ૨૦મી જુલાઈએ બાઈક રેલી યોજવામાં આવી હતી. જેનું પ્રસ્થાન રાજયના પ્રથમ મહિલા અંજલિબેન રૂપાણી દ્વારા કરાવવામાં આવ્યું હતું.



બેંક ઓફ બરોડા દ્વારા તા. ૧૭મી જુલાઈએ બેંકના ગાંધીનગર રિજીયન હેડ દક્ષા શાહ દ્વારા સે-૨૧ ડિસ્ટ્રીકીટ શોપીંગ સેન્ટર ખાતે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરાવાયો હતો. તા. ૧૮મી જુલાઈએ બેંકની વિધાનસભા શાખામાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી રકતદાન શિબિર યોજવામાં આવી હતી જયારે તા. ૧૯મી જુલાઈના રોજ શહેરના વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમજ આર્થિક રીતે પછાત અને જરૂરિયાતમંદોને કપડાં-પગરખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. તા. ૨૦મીએ સ્થાપના દિન નિમિત્તે સવારે ૬.૩૦ કલાકે બાઈક રેલી યોજવામાં આવી હતી જેને અંજલિબેન રૂપાણી દ્વારા ફલેગ ઓફ અપાયું હતું. આ પ્રસંગે બેંકના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અડાલજના વૃદ્ધાને છેતરીને દાગીના લઈ ગયેલી ત્રિપુટી ઝડપાઈ

**અડાલજ પાટનાકૂવા પાસે પૈસાની જરૂર હોવાના નાટક કરી ચિટરો રૂ. ૫૦૦નુ બંડલ કહીને વૃધ્ધાને કાગળના ડૂચા પધરાવી ગયા હતા ને દાગીના લઈ ગયા હતા : કોતરપુરના ત્રણેય ચિટરો ઝબ્બે**

ગાંધીનગર, તા.૨૧

અડાલજના પાટનાકૂવા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં રહેતા વૃદ્ધાને ટાર્ગેટ કરીને રિક્ષામાં આવેલી ત્રિપુટીએ વૃદ્ધાને વિશ્વાસમાં લઈ છેતરી નાંખ્યા હતા. ત્રિપુટી ચિટરોએ રડતા રડતા તેમને રૂપિયાની હાલ જરૂર હોવાના નાટકો કરીને વૃદ્ધાને ભોળવી નાખી હતી અને રૂ.૫૦૦ નું બંડલ કહીને કાગળના ડુચા પધરાવી દઈ વૃદ્ધાએ પહેરેલા દાગીના લઈ લીધા હતા. દાગીના લઈને વૃદ્ધાને છેતરી ત્રિપુટી ફરાર થઈ ગઈ હતી. આ મામલે અડાલજ પોલીસે ગુનો દાખલ કરી રિક્ષાના નંબરને આધારે ત્રિપુટી સુધી પહોચવા તપાસ કરી હતી. દરમ્યાન આજે ત્રણેય શખ્સોને અડાલજ પોલીસે પકડી પાડી દાગીના તથા ગુનામા વપરાયેલી રિક્ષા રિકવર કરી ઊંડી પુછપરછ શરૂ કરી છે.

૧૬ તારીખે અડાલજના પાટનાકૂવા વિસ્તારમાં આવેલી શિવ શક્તિ સોસાયટીમાં રહેતા વૃદ્ધા વીણાબેન પ્રહલાદભાઈ વાણંદ બપોરના અરસામાં દૂધની કોથળી લઈને ઘર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન જીજે ૧૮ એ.એક્સ ૫૧૮૩ નંબરની પેસેન્જર રીક્ષામાં ત્રણ વ્યક્તિઓ તેમની પાસે આવ્યા હતા અને તેમને ટાર્ગેટ કરીને વૃદ્ધાને વિશ્વાસમાં લેવાનું શરૂ કર્યું હતું. રડવાના નાટક શરૂ કરી ને પૈસાની ખુબ જરૂર છે તેવું કહીને વૃદ્ધા વિનાબેનનુ ધ્યાન પોતાની તરફ ખેંચી લોભામણી વાતો શરૂ કરી દીધી હતી. ત્રિપુટીની વાતોમાં લલચાઈ જઈને વીણાબેન તેમની વાતોમાં રસ લેવા લાગ્યા ત્યારબાદ ત્રિપુટીએ તેમને કહ્યું કે અમે તમને રૂ.૫૦૦ નુ બંડલ આપીએ છીએ તમે દાગીના આપો. અમે દાગીના પરત કરવા ન આવીએ તો દાગીનાની કિંમત કરતા વધુ રૂપિયા તમને આપી દઈએ છીએ. બંડલ જોઈ ને વૃદ્ધા લલચાઈ ગયા અને પોતે પહેરેલા સોના-




ચાંદીની બંગડી, બુટ્ટી અને સેર સહિતના ૨૦ હજારની કિંમતનાં દાગીના નીકાળીને તેમને આપી દીધા હતા. નોટોનું બંડલ આપીને વૃદ્ધાના દાગીના લઈ ત્રિપુટી રિક્ષામાં રફૂચક્કર થઈ ગઈ હતી. વૃદ્ધાએ ઘરે આવીને બંડલ ખોલ્યું તો ખબર પડી કે ઉપરની પહેલી નોટ જ રૂ. ૫૦૦ની હતી. અંદર કાગળના ડૂચા ભરેલા હતા. વૃદ્ધાએ આ મામલે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પીએસઆઈ ગોસ્વામીએ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી હતી દરમ્યાન રીક્ષા નંબરને આધારે ચીટર ત્રિપુટી સુધી પહોંચવા અડાલજ પોલીસને સફળતા મળી ગઈ છે. અડાલજ પીઆઈ જે જી વાઘેલા અને તેમની ટીમે અમદાવાદના કોતરપુર વિસ્તારમાં રહેતા મુકેશ કિશનભાઈ મારવાડી, સન્ની કિશનભાઈ મારવાડી અને મુકેશ પ્રેમજીભાઈ મારવાડી ત્રણેય ચિટરોની ધરપકડ કરી લીધી છે. ચીટીંગ કરીને બધા દાગીના લઈ ફરાર થઈ ગયેલા ત્રિપુટીને દાગીના તથા ગુનામાં વપરાયેલી રીક્ષા સહિતના મુદ્દામાલ સાથે અડાલજ પોલીસે પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ત્રિપુટી અગાઉ કોઈ ગુનામાં સંડોવાયેલા છે કે કેમ તે સહિતની ઝીણવટ ભરી તપાસ પણ હાથ ધરવામાં આવી છે.

## ચિરવિદાય

- સ્વ. ભટ્ટ શાંતાબેન નટવરલાલ, ઉ.વ. ૮૩
- સ્વ. શાંતાબેન પૂંજાજી ઠાકોર, ઉ.વ. ૬૫
- સ્વ. મકવાણા દિવાબેન મોતીજી, ઉ.વ. ૮૫
- સ્વ. ઠાકોર શંકરજી લીલાજી, ઉ.વ. ૮૦
- સ્વ. મીનાબેન શંકરસિંહ બિહોલા, ઉ.વ. ૨૯
- સ્વ. ઠાકોર ભીખાજી શંકાજી, ઉ.વ. ૭૫
- સ્વ. ઠાકોર કુશકીબેન કાળાજી, ઉ.વ. ૪૫

# ગાંધીનગરની કલાશ્રી ડૉલ્સ વૈશ્વિક સ્તરે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરશે

### ઈકો ફ્રેન્ડલી ડૉલ્સનો ઉપયોગ કરાયો છે

પુષ્ટિમાર્ગીય પરંપરા પ્રદર્શિત કરતી ૮૪ કોસ વ્રજ પરિક્રમા મહોત્સવમાં કલાશ્રી સંસ્થાની ૧૦ મહિલાઓ દ્વારા ૨ માસની મહેનતથી કાપડ, વાયર, મેટલ, લાકડુ અને માટીના ઉપયોગ વડે હાથેથી બનાવાયેલ ઈકો ફ્રેન્ડલી ડૉલ્સનો ઉપયોગ કરાયો છે. સમગ્ર પ્રદર્શન ૧૫ ફુટની પહોળાઈ સાથે ૬૦ રનીંગ ફુટમાં વિસ્તરાયેલું રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે કલાશ્રી છેલ્લા ૨૦ વર્ષથી ડૉલ્સ મેકીંગમાં ગાંધીનગરની ઓળખ બની રહી છે.




**પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય દ્વારા યુકેના હેરો ખાતે આયોજિત કૃષ્ણ જીવનલીલા આધારિત ૮૪ કોસ વ્રજ પરિક્રમા મહોત્સવમાં રાધાકૃષ્ણ ગોપ-ગોપીઓ સહિત તમામ પ્રતિકૃતિઓ કલાશ્રીએ પુરી પાડી**

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના સેકટર-૫ સ્થિત કલાશ્રી સંસ્થાની ફેબ્રિક ડૉલ મેકિંગ આર્ટ ફરી એકવાર આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા સાથે પાટનગરને ગૌરવ પ્રદાન કરવા જઈ રહી છે. આગામી તા. ૩જી ઓગષ્ટથી યુકેમાં મિડલસેકસ ખાતેના હેરો શહેરમાં વૈષ્ણવ સંઘ ઓફ યુકે આયોજિત ૮૪ કોસ વ્રજ પરિક્રમા ઉત્સવમાં હાર્દરૂપ ભૂમિકા ભજવશે. આ ઉત્સવમાં કલાશ્રી સંસ્થાની ૬૦૦થી વધુ ડૉલ્સ તથા અન્ય એકસેસરીઝનો ઉપયોગ કરાયો છે. આ ઉત્સવ તા. ૯મી ઓગષ્ટ સુધી ચાલશે.

યુકેમાં વસતા વૈષ્ણવ સંપ્રદાયના અનુયાયીઓના વિશાળ સંગઠન ‘વૈષ્ણવ સંઘ ઓફ યુકે’ દ્વારા વૈષ્ણવાચાર્ય દ્વારકેશલાલજી મહારાજની અધ્યક્ષતામાં વ્રજની સુપ્રસિધ્ધ ૮૪ કોસ પરિક્રમાને સમગ્ર વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરી ભારતીય સંસ્કૃતિ તથા કૃષ્ણ જીવનલીલાના અદભૂત ઐતિહાસિક વારસાને વૈશ્વિક ઓળખ આપવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે આ અંતર્ગત આગામી તા. ૩જી ઓગષ્ટથી હેરો શહેરના સુવિખ્યાત હેરો લેસર સેન્ટર ખાતે આશરે ૬૦૦ સ્કવેયર ફુટમાં સમગ્ર પરિક્રમાની પ્રતિકૃતિ ઉભી કરવા સાથે ૮૪ કોસ પરિક્રમા દરમિયાન ઉજવવાના વિવિધ મનોરથ અને ઉત્સવ સાથે ૭ દિવસ સુધી ઉજવણી કરાશે.

આ ઉજવણીમાં યુકે ઉપરાંત સ્પેન, નૈરોબી, ઓસ્ટ્રેલિયા અને ભારત સહિત વિશ્વભરમાંથી વૈષ્ણવો ઉમટશે. જેમાં અંદાજે દરરોજ ૧ હજારની સંખ્યામાં મુલાકાતીઓ રહે તેવી સંભાવના છે. આ ઉજવણી માટે તૈયાર કરાયેલ પ્રતિકૃતિમાં ગાંધીનગરની કલાશ્રી સંસ્થાની મહિલાઓએ છેલ્લા ૨ માસથી અથાગ મહેનત સાથે તૈયાર કરેલ ૬૦૦થી વધુ ડૉલ્સનો ઉપયોગ કરાયો છે. આ ડૉલ્સ ઉપરાંત અન્ય સામગ્રી સાથે લાઈટ-સાઉન્ડના માધ્યમથી ૮૪ કોસ પરિક્રમાની પ્રતિકૃતિમાં કૃષ્ણ જીવનલીલાના તમામ પ્રસંગોને આબેહૂબ વણી લેવામાં આવ્યા છે.

કૃષ્ણ એ યુગાવતાર હતા અને તેમના જન્મથી માંડીને કિશોરાવસ્થા દરમિયાન તેમણે કરેલ અદભૂત લીલા અને પરાક્રમો સમગ્ર વિશ્વને આજે પણ મોહિત કરી રહ્યા છે. હેરો ખાતે યોજાનાર ૮૪ કોસ પરિક્રમામાં કૃષ્ણ જીવનના ‘વ્રજ વસવાટ’ દરમિયાન તે સમયના પહેરવેશ ભાષા અને લોકનૃત્યો સાથેની ભારતીય સંસ્કૃતિનું આબેહૂબ વર્ણન કરાવાશે. કુલ ૨૫ જેટલી કૃષ્ણલીલાઓ જેવી કે કૃષ્ણજન્મ, નામકરણ, કાલી નાગદમન, ગૌચરણ, બકાસુર વધ, પૂતના વધ, ગોવર્ધન લીલા, ચુલ્હા, રાસલીલા, ઝુલા, કૃષ્ણ-બલરામ, ચીરહરણ, માખણચોરી, ગોવર્ધનલીલા વગેરેને આવરી લેવાઈ છે.



### શું છે ૮૪ કોસ વ્રજ પરિક્રમા?

કૃષ્ણ જન્મ્યા ત્યારથી તેમણે વ્રજ છોડયું ત્યાં સુધીના સમયમાં કરેલ તમામ લીલાઓ ૮૪ કોસ વિસ્તારમાં સમાય છે જેની પરિક્રમા કરવી તે વૈષ્ણવો માટે અત્યંત મહત્વનો પ્રસંગ ગણાય છે. આ પરિક્રમાના માર્ગમાં કૃષ્ણલીલાના તમામ સ્થળો આવી જાય છે અને પરિક્રમા કરતા ૪૦ દિવસ લાગે છે. આ પરિક્રમાનું ભાગવતજીના દશમ સ્કંધમાં શુકદેવજીએ પરિક્ષિત મહારાજને વર્ણન કર્યું હતું તેનો ઉલ્લેખ છે તેવું આચાર્ય દ્વારકેશલાલજી મહારાજે ગાંધીનગર સમાચારને ટેલિફોનિક વાતમાં જણાવ્યું હતું. સાથે તેમણે કહ્યું હતું કે આ પરિક્રમાનો પ્રારંભ ભગવાનના પ્રપૌત્ર વ્રજનાથજીએ કર્યો હતો. જગદગુરુ વલ્લભાચાર્યજીએ પણ પગપાળા પરિક્રમા કરી હતી અને આજે તેમના વંશજો તેને જીવંત રાખવા દર વર્ષે આ પરિક્રમા ઉપાડી રહ્યા છે.